**મે. મોરબીના એડિશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં,મું.મોરબી.**

ફોજદારી કેસ નં.1113-26

આંક ::

શ્રી સરકાર :: ફરીયાદી.

**–: વિરૂદ્ધ :–**

ઈરફાનભાઈ રફીકભાઈ સમા

::આરોપી.

:: ચુકાદો ::

૧. ફરીયાદપક્ષનાં આક્ષેપ મુજબનો આ કામનાં આરોપી મોરબી તાલુકા પો.સ્ટે.ના વિસ્તારમાં આ કામના આરોપીએ જાહેરમાં નશીબ આધારિત વર્લીફીચરના આંકડાનો જુગાર રમી રમતા કુલ કિંમતરૂા.૩૨૦/– ના મુદ્ધામાલ સાથે મળી આવતા મળી આવતા જુગાર ધારાની કલમ ૧૨–એ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીને પોલીસ પેપરોની નકલો આ પ્યા બાદ આરોપીએ પોતાનો ગુન્હો કબુલ છે, તેવી પુરસીસ રજુ કરતા અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો ગુનો કબુલ કરશે તો તેને મહત્તમ સજા થઈ શકશે તેવી સમજ આપેલ. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની આંક– થી –પ્લી નોંધવામાં આવી જેમા પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે તેની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

૩. આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામના આરોપીએ ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીઓને સજા કરવી જોઈએ તેમ હું માનું છું પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીઓ પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને જો કાયદાનુસાર સજા કરવામાં આવે તો

તેથી આરોપી રીઢા ગુનેગારોનાં સંપર્કમાં આવે તેથી તેમના જીવન પર વીપરીત અસર થાય તેમ છે તેથી આ કામનાં આરોપીને હાલનાં ગુના સબબ દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેનો ગુનો તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

આ કામના આરોપી ઈરફાનભાઈ રફીકભાઈ સમાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૫ અન્વયે જુગારધારા ની કલમ-૧૨-એ નાં ગુના માટે પ્રત્યેક આરોપી દિઠ રૂપિયા ૨૦૦/- અંકે રૂપિયા બસો પુરા (કુલ દંડ રૂપિયા ૨૦૦/-) નો દંડ અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન - ૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલની ચલણી નોટો સરકાર ખાલસા કરવી જયારે જુગારનાં સાહીત્યનો નાશ કરવો આરોપીઓનાં જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

તારીખ :-૧૪-૦૩-૨૦૨૬

સ્થળ :- મોરબી.

**(એસ.એ. મેમણ)**

એડિશ્નલ સિવિલ જજ અને જયુડીશીયલ

મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, મોરબી.

(U.I.C.NO. GJ01567)

//FAS//

ફોજદારી દંડ પહોંચ નં.......

તા. ૧૪/૦૩/૨૦૨૬ થી **રૂ.૨૦૦/-**

અંકે રૂપિયા :- **બસો પુરા** પૂરા વસુલ લીધા.

**નાઝીર/આસીસ્ટન્ટ**